**દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલ કમિશનર શ્રી પી.એસ. સુચક સાહેબ સમક્ષ, દાહોદ**

**વ.કો. ફેટલ અ. નં. ૨૬/૨૦૨૪**

**<u>આંક-૧ લગત હુકમ</u>**

**(૧)** આ કામે ગુજરનાર સોહનભાઈ મીખેલ નિહરતાના આશ્રિતો દ્વારા સામાવાળાઓ સામે તા. ૧૧/૦૨/૨૦૨૨ ના રોજ નોકરીની ફરજ દરમ્યાન સોહનભાઈ મીખેલ નિહરતા ગુજરી જતા હાલની વળતર અરજી કરેલાનુ જણાય આવે છે.

**(૨)** આ કામે રેકર્ડ જોતા અકસ્માતનો બનાવ બારડોલી મુકામે બનેલાનુ જણાય આવે છે તથા આ કામના સામાવાળા નં. ૧ દ્વારા હાલની અરજી ચલાવવા દાહોદ કોર્ટને હકુમત ન હોવાની તકરાર પણ લેવામા આવેલ છે જે ધ્યાને લેતા આ કામે કેસ દલીલના તબક્કે હોય તમામ પક્ષકારોની દલીલ સાંભળતા રેકર્ડ જોતા હાલની અરજી અત્રેની અદાલતમા ચાલવા પાત્ર ન હોય તે અંગે તમામ પક્ષકારોને સાંભળ્યા.

**(3)** આ કામે અરજીની હકિકત, રેકર્ડ તથા કામદાર વળતર ધારાની કલમ-૨૧ ની કાયદાકીય જોગવાઈ જોતા જ્યારે અન્ય જીલ્લાના કમિશનરશ્રી ને વળતરનો કેસ ચલાવવા સત્તા હોય ત્યારે તે કેસ ટ્રાન્સફર કરવા હુકમ કરવાની સત્તા કલમ-૨૧ મા આપવામા આવેલ છે જે ધ્યાને લીધી.

**(૪)** આ કામે કેસનુ રેકર્ડ જોતા અકસ્માતનો બનાવ ડી.જી.વી.સી.એલ. ના કમ્પાઉન્ડમા બારડોલી મુકામે તા. બારડોલી, જી. સુરતમાં બનેલ છે તેમજ આ કામના અરજદારો મુળ આમલીપાડા, તા. કુશલગઢ, જી. બાંસવાડા, રાજસ્થાનના રહેવાસી હોય અને અમુક સમય માટે દાહોદ રહેવા આવેલ હોય પરંતુ મુળ રહેવાસી રાજસ્થાન રાજ્યના હોય તેમજ અકસ્માતનો બનાવ સુરત જિલ્લામા બારડોલી તાલુકામા બનેલ હોય જે ધ્યાને લેતા હાલનો કેસ ચલાવવા કમિશનરશ્રી કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશનરશ્રી,

સુરત ને સત્તા હોય અત્રેની અદાલતને હાલનો કેસ ચલાવવા સત્તા ન હોવાનુ સ્પષ્ટપણે રેકર્ડ પરથી જણાય આવતુ હોય જે ધ્યાને લેતા આ કામે હાલનો કેસ કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશનરશ્રી(લેબર કોર્ટ), સુરતને ટ્રાન્સફર કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

**(૧)** હાલનો કેસ કમિશનરશ્રી(લેબર કોર્ટ), કર્મચારી વળતર ધારો, સુરત નાઓને કલમ-૨૧ મુજબ ન્યાયિક નિર્ણય અર્થે ટ્રાન્સફર કરવા હુકમ કરવામા આવે છે.

**(૨)** અત્રેની અદાલતના સુપરિટેન્ડેન્ટે નિયમ મુજબ કેસ ટ્રાન્સફર અંગે કાર્યવાહી કરવી. આ કામે તમામ પક્ષકારોએ તા. ૧૨/૦૫/૨૦૨૬ ના રોજ મજુર અદાલત સુરત મુકામે અચુક હાજર રહેવુ.

તા. ૧૦/૦૪/૨૦૨૬
સ્થળ : દાહોદ

પ્રગ્નેશ સુધિરચંદ્ર સુચક
કમિશનર
કર્મચારી વળતર ધારો
મજુર અદાલત, દાહોદ.
જિજે-૦૧૧૧૮